સમાજ સુરક્ષા ખાતાની યોજનાઓના જિલ્લા કક્ષાએ કાર્યક્રમ/સંમેલન યોજવા માટે રૂ.૭૯૨.૦૦ લાખની ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૧૮/૬૧૯૯૬૯/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.03/૧૦/૨૦૧૯.

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૨૪/૧૦/૨૦૧૮નો પત્ર નં.યજન/૧૦/નવી-બાબત-૧૯-૨૦/૨૦૧૮/૯૫

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૦૫/૦૮/૨૦૧૯નો પત્ર નં.સસુખા/યજન/નવી-બાબત/૨૦૧૯-૨૦/૩૪૮.

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૦૫/૦૮/૨૦૧૯નો પત્ર નં.સસુખા/યજન/નવી-બાબત/૨૦૧૯-૨૦/૩૪૯.

આમુખ-

વિભાગ હસ્તકના સમાજ સુરક્ષા ખાતા દ્વારા વિકલાંગ (દિવ્યાંગ), વૃધ્ધ કલ્યાણની યોજનાઓ તથા અન્ય યોજનાઓનું અમલીકરણ કરવામાં આવે છે જેથી આ યોજનાઓના બહોળો પ્રચાર પ્રસાર કરવા તેમજ વિકલાંગો (દિવ્યાંગો), વૃધ્ધોને સમાજ સુરક્ષા ખાતા હેઠળની યોજનાઓનો લાભ વધુ પ્રમાણમાં મળી રહે તે માટે સમાજ સુરક્ષા ખાતાની યોજનાઓના જિલ્લા કક્ષાએ સંમેલન/કાર્યક્રમ યોજવા વર્ષ ૨૦૧૯-૨૦નાં અંદાજપત્રમાં મંજૂર રહેલ નવી બાબતની રૂ.૭૯૨.૦૦ લાખની જોગવાઇનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા વંચાણે લીધેલા ક્રમાંક (૨) અને (૩) પરના પત્રોથી નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગર દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક (૧) થી (૩) પરના પત્રોથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને સમાજ સુરક્ષા ખાતાની યોજનાઓના જિલ્લા કક્ષાએ કાર્યક્રમો/સંમેલનો યોજવા માટે રૂ.૭૯૨.૦૦ લાખ (અંકે રૂપિયા સાતસો બાણું લાખ પુરા)ની ખર્ચ કરવાની વહીવટી મંજૂરી નીચેની શરતોને અધિન આપવામાં આવે છે.

શરતો-

(૧) કાર્યક્રમ/સંમેલન યોજવા બાબતે આ વિભાગની પૂર્વ પરવાનગી લઈને જ કોઈ પણ કામગીરી કરવાની રહેશે.

(૨) સંમેલનો/કાર્યક્રમો યોજના અંગે કરવાની થતી કામગીરીના ભાગરૂપે હાથ ધરવાની થતી પ્રવૃત્તિઓ/કામગીરી માટે નિયત પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

(૩) આ અંગે વિભાગની મંજૂરી મેળવી જરૂર જણાયે નિયામકશ્રી, સમાજ સુરક્ષા નોડલ એજન્સી નક્કી કરી તેના મારફત કામગીરી કરાવી શકશે અને તે માટેની ગ્રાન્ટ જે તે એજન્સીના હવાલે મુકવાની રહેશે.

(૨) આ પ્રકારના કાર્યક્રમો/સંમેલનો માટે પધ્ધતિસરનું આયોજન ગોઠવવાનું રહેશે અને વધુ માત્રામાં કાર્યક્રમો/સંમેલનો થાય તે જોવાનું રહેશે.

(૩) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાન્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૫) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો-પરિપત્રો અને નિયમોની જોગવાઈ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૬) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિંત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ અંગેનો ખર્ચ માંગણી નં-૯૨ મુ.સ-૨૨૩૫-૦૨-૧૦૧-૦૧ બજેટ હેડ હેઠળ પાડવાનો રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૧/૦૮/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

patelDC

( ડી. સી. પટેલ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં-૧૬, ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( મારફતે નિયામકશ્રી સમાજ સુરક્ષા,બ્લોક નં-૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા/ બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ.